GJVD040006202026

**મે. સેકન્ડ એડિ.સિનિયર સિવિલ જજ અને એડિ.ચીફ જ્યુડિ.મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, પાદરા.**

**ક્રિમીનલ કેસ નં.૫૩૪/૨૦૨૬**
**આંકઃ**

**ફરિયાદીઃ** સરકારશ્રી

**વિરુધ્ધ**

**આરોપીઓઃ**
(૧) કનુભાઈ પુનમભાઈ પરમાર
રહે. તિથોર, બોડી તલાવડી, તા.પાદરા, જિ.વડોદરા.

(૨) કિરણભાઈ મહેન્દ્રભાઈ પરમાર
રહે.મજાતણ, હર્ષદપુરા, તા.પાદરા, જિ.વડોદરા.

(૩) મહેન્દ્રભાઈ રમણભાઈ મકવાણા
રહે. કરખડી, મણીનગર, તા.પાદરા, જિ.વડોદરા.

(૪) સંદીપભાઈ ગણપતભાઈ પરમાર
રહે. કરખડી, મણીનગર, તા.પાદરા, જિ.વડોદરા.

(૫) વિરેન્દ્રભાઈ ઉર્ફે મહેશભાઈ પરમાર
રહે. મજાતણ, તા.પાદરા, જિ.વડોદરા.

---

## :: ઠરાવ ::

આ કામના આરોપીઓએ આંક–૦૧ વાળા ચાર્જશીટમાં દર્શાવ્યા મુજબનો ગુનો કરેલ હોઈ, ત.ક.અ. દ્વારા તપાસ કરીને પુરતો પુરાવો જણાતાં જુગારધારા કલમ–૧૨ મુજબના ગુના સબબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે. જે સબબ આરોપીઓ આજરોજ અત્રેની કોર્ટમાં હાજર થયેલ છે અને જણાવેલ છે કે તેઓને આ ગુનો કબુલ છે જેથી આરોપીઓનો આ અંગે જવાબ લેવામાં આવેલ છે અને આરોપીઓએ જણાવેલ છે કે, કહેવાતો ગુનો તેમનાથી અજાણતા થઇ ગયેલ છે અને તેનો તેમને પારાવાર પસ્તાવો થઇ રહ્યો છે અને ગુના કબુલાત પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, તેઓ ખુબ જ ગરીબ વર્ગના માણસ છે અને ગુનો તેમનાથી અજાણતા થઇ ગયેલ છે અને તેનો તેમને પારાવાર પસ્તાવો થઇ રહ્યો

છે. ભવિષ્યમાં આવું કોઇ જ કૃત્ય તેઓ કરશે નહિ અને ઘરમાં કમાનાર સભ્ય તરીકે તેઓ એકલા જ છે અને આ સંજોગોમાં દયા ભાવ રાખી, ઓછામાં ઓછી સજા/દંડ કરવા વિનંતી કરેલ છે. આરોપીઓની રજુઆતો અને આક્ષેપિત ગુનાની સજા/દંડ અંગેની જોગવાઇ ધ્યાને લીધી. આરોપીઓની ઉંમર અને તેમની પરિસ્થિતિ ધ્યાને રાખતાં, અને કેસનો તબક્કો જોતાં, કેસના પ્રારંભિક તબક્કે જ આરોપીઓ ગુનો કબુલ કરે છે અને દયાભાવ રાખવા વિનંતી કરેલ છે તેમજ આજરોજ સ્પેશ્યલ સીટીંગનું પણ આયોજન કરેલ છે.

*It is held in the case of* ***STATE OF GUJARAT vs. NATWAR HARCHANDJI THAKOR*** *that..." The State Legislature has circumscribed the discretion, requiring the Court to impose minimum sentence and left it open to award less than the minimum sentence, statutorily prescribed, for special and adequate reasons to be recorded in writing in the judgment. It leaves no any manner of doubt that it is always open for the competent Court to impose lesser than minimum, for in (sic.) presence of special and adequate reasons, to the contrary to be mentioned in the judgment of the Court, which are attributable and relatable to the accused in a given factual profile of the case of each accused."*

ઉપરોકત સંજોગો અને કેસની હકીકતો અને આરોપીઓની રજુઆતો જોતાં, **આ કામના આરોપીઓને જુગારધારા કલમ–૧૨ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને દરેક આરોપી દીઠ રૂ.૩૦૦/– લેખે રૂ.૩૦૦/– * ૫ = રૂ.૧૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) દંડ પેટે ભરવા તેવો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ના ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા ભોગવવી.**

**મુદ્દામાલ અંગેઃ**

મુદ્દામાલ રોકડ રકમ સરકારશ્રીમાં જમાં કરવી અને નાશપાત્ર મુદ્દામાલનો નાશ કરવો.

આ હુકમ આજ તા.૧૪.૦૩.૨૦૨૬ ના રોજ નેશનલ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪.૦૩.૨૦૨૬
પાદરા.

**Penalty Rcvd. Rs.........**

**Page/Rcpt. No............**

**Dt.14.03.2026** **Nazir**

તારીખઃ ૧૪.૦૩.૨૦૨૬
સ્થળઃ પાદરા.

**(આર.વી.લીંબાચીયા)**
સેકન્ડ એડિ.ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
પાદરા, જિ.વડોદરા.
આઇ.ડી.નં.જીજે૦૧૧૫૩

k.k.koradiya